**મે. લેબર અદાલત મહેસાણાના એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (સીનીયર ડીવીઝન)**
**શ્રી એમ.એમ.અગ્રવાલ સમક્ષ, મુ મહેસાણા.**

**ફોજદારી કેસ નં. ૨૩૨/૨૦૨૫**
**આંક-૧૭**

ફરીયાદી - શ્રી ડી.આર.પરમાર, સરકારી શ્રમ અધિકારી અને ગ્રેજયુઈટી ચુકવણી નિરીક્ષક, બહુમાળી મકાન, બ્લોક ૧, પ્રથમ માળ, રૂમ નં.૫, પહેલો માળ, મહેસાણા.

// **વિરૂધ્ધ** //

તહોમતદાર - (૧) ગુજરાત વિકાસ ગૃપ કે/ઓ ભાગ્યોદય મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ એલ.આઈ.સી.ઓફીસની પાસે, તા.કડી, જી. મહેસાણા.
(૨) શ્રી રાજેશભાઈ બી.વાઘેલા, વેજલપુર રોડ, જીવરાજપાર્ક, અમદાવાદ.

**ગુનો - પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી એકટ ૧૯૭૨,૧૯૮૭,૧૯૭૩ ના નિયમ-૬(૨) મુજબ**

// **ચુ કા દો** //

(૧) હાલની ફરિયાદ સરકારી શ્રમ અધિકારી અને ગ્રેજયુઈટી ચુકવણી અધિનિયમ ૧૯૭૨ તથા સુધારેલ અધિનિયમ ૧૯૮૭ અન્વયે નિરીક્ષક મહેસાણાનાઓ દ્વારા દાખલ થતાં ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૧૦ મુજબ ફરિયાદીએ રજુ કરતા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૨૩ વંચાણે લઈને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૨૭ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીઓ વિરૂદ્ધ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો આરોપીએ પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી એકટ ૧૯૭૨,૧૯૮૭,૧૯૭૩ **ના નિયમ હેઠળ નિયમ-૬(૨)** મુજબનો ભંગ કરેલ હોઈ હાલની ફરિયાદ દાખલ કરેલ છે.

(૨) સદર કામના આરોપીઓ વિરૂદ્ધ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ જે આરોપીઓને બજી ગયેલ છે. આજરોજ આરોપીઓ અત્રેની કોર્ટ સમક્ષ સ્પેશ્યલ સીટીંગમાં હાજર રહેલ છે. જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડયાની ખાતરી કરેલ છે. ત્યારબાદ ફરીયાદ મુજબ ગુનાની વિગતો જણાવી ગુનો કબુલ છે કે કેમ તેવુ પુછવામાં આવેલ જેથી તેઓએ આરોપીઓએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને અલગથી આંક- ૧૪થી ગુનાની કબુલાત અંગે પુરસીસ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૭૫ અન્વયે રજુ કરેલ છે. આરોપીઓએ ગુનાની કબુલાત પુરસીસ રજુ કરતા તેઓને સમજાવવામાં આવેલ છે કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુનો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂદ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે. આમ છતાં આરોપીઓએ પોતાનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની આંક- ૧૫ તથા આંક-૧૬ થી પ્લી નોંધવામાં આવેલ છે.

(3) આરોપીઓએ હાલની ફરિયાદ અન્વયેનો ગુનો કોઈપણ જાતનું દબાણ અને લાલચ વિના કબુલ કરતા હોવાનુ જણાવીને કબુલાત પુરસીસ રજુ કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, અમો આરોપીઓનો ગુનો કરવાનો કોઈ ઈરાદો ન હતો, અજાણતા અને અજ્ઞાનતાના કારણે ગુનો બનવા પામેલ છે. આ પ્રથમ ગુનો છે તેમજ બનાવ બન્યા બાદ પણ આવો કોઈ બનાવ અમો આરોપીઓની સંસ્થામાં બનવા પામેલ નથી. આ ગુના બદલ અમો અફસોસ વ્યકત કરી પસ્તાવો જાહેર કરીએ છીએ અને ભવિષ્યમાં આવો ગુનો ન બને તેનો પુરેપુરો ભરોસો અને ખાતરી આપીએ છીએ. અમો આરોપીઓ પોતે કુટુંબ પરીવાર ધરાવતા વ્યકિત છીએ અને

કુટુંબમાં માત્ર અમો કમાનાર વ્યકિત હોઈ અમારા કુટુંબની જવાબદારી અમારા શીરે છે. અમોને કેદની સજા કરવામાં આવે તો અમારા ધંધા રોજગાર બંધ થઈ પડે જેથી અમારા પરીવારને તેમજ સંસ્થાના કામદારને તેનો ભોગ બનવું પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય તેમ છે માટે અમો આરોપીઓને માત્ર દંડની જ અને તે પણ કાયદાની જોગવાઈથી ઓછામાં ઓછો દંડની સજા કરવા અરજ કરેલ છે.

(૪) આરોપીઓએ અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહીને ગુનાની કબુલાત પુરસીસ રજુ કરેલ હોય તેઓ ગુનો કબુલ કરેલ છે. વધુમાં આરોપીઓ સામેના ગુનાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી એકટ ૧૯૭૨,૧૯૮૭,૧૯૭૩ **ના નિયમ-૬(૨)** નો ભંગ કરી તે કાયદાની કલમ-૯ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. તે સંજોગોમાં આરોપીઓ સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોઈ તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીઓએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતાં તથા ગુનો કબુલ કરનારની ઉંમર કેસની હકીકત, સજાની જોગવાઈ, ગુનાનો પ્રકાર વિગેરે તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂદ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. પાન નં. ૭૦૯ આપવામાં આવેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતાં તેઓને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુનો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

(૧) આ કામના પ્રત્યેક આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૭૫ અન્વયે પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી એકટ ૧૯૭૨,૧૯૮૭,૧૯૭૩ **ના નિયમ-૬(૨)** ના ભંગ બદલ તે કાયદાની કલમ-૯ મુજબના ગુના સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને ભંગ બદલ રૂ.૫,000/- ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીઓએ કુલ રૂ.૧૦,000/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) દંડ ભરવો.

(૨) આરોપીઓ દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(3) આરોપીઓએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૬/03/૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતના સ્પેશ્યલ દિવસે વાંચી સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવે છે.

સ્થળઃ મહેસાણા.
તા.૧૬/03/૨૦૨૬

(મીમાંશા મહેશ અગ્રવાલ)
UIC: GJ 01382
એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, ન્યાયાધીશ
લેબર કોર્ટ, મહેસાણા.